બનાસ બેંકમાં ઈતિહાસ સર્જાયો : આખું બોર્ડ બિનહરીફ

જિલ્લાની પ્રજાના ભરોસાનો આ વિજય છે : શંકરભાઈ ચૌધરી

બનાસકાંઠા, તા. ૧

જિલ્લાની આર્થીક ધરોહર ગણાતી શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., (બનાસબેંક)ની ચૂંટણીમાં શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આખુ સંચાલક મંડળ બિનહરીફ વરણી પામતાં બેંકના ઈતિહાસમાં ઐતિહાસીક ઘટના બનતા જિલ્લાના સહકારી આલમમાં આનંદની લાગણી છવાઈ છે. બેંકના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ આ ઘટનાને જિલ્લાની પ્રજાના ભરોસાનો વિજય ગણાવ્યો છે.

રાજ્યમાં સૌથી મોટો જિલ્લો ગણાતો આ જિલ્લો, બનાસકાંઠા અને પાટણ એમ બે સંસદીય વિસ્તારોમાં વહેંચાયેલો છે. આટલા બહોળા કાર્યક્ષેત્ર ધરાવતા જિલ્લામાં આગેવાનોએ રાજકીય પક્ષાપક્ષીથી પર રહીને અને કાવાદાવાની રાજનિતીને પરાસ્ત કરીને બેંકની ચૂંટણી બિનહરીફ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા હતા. જેના પરીણામે ૧૬ બેઠકોની ચૂંટણી પૈકી ૯ બેઠકો પર તો માત્ર એકજ ઉમેદવારી ફોર્મ ભરાયાં હતા. અને ચૂંટણીની શરૂઆત જ બિનહરીફ બેઠકોથી થવા પામી હતી. તે પછી તો ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની મુદત સુધીમાં તો બાકીની ૭ બેઠકો પરના ઉમેદવારી પત્રો પણ પાછા ખેંચાઈ જતાં આખુ બોર્ડ બિનહરીફ કરીને રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સામરસતાના મંત્રને સાકાર કરવાનો સંકલ્પ સિદ્ધ કર્યો હતો. આમ જિલ્લામાં તમામ સમાજને સાથે રાખીને



ચાલવાની ખેવના ધરાવતા અને સૌ સમાજે જેમના પર વિશ્વાસ મુક્યો છે તેવા સતત બે ટર્મથી ચેરમેનપદની જવાબદારી સંભાળી રહેલા પ્રદેશ ભાજપના મહામંત્રી, વાવ વિસ્તારના ધારાસભ્ય તેમજ ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લી ના વાઈસ ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી હેટ્રીક સર્જીને ત્રીજીવાર આ બેંકની ધુરા સંભાળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસબેંકના નામે સુવિખ્યાત જિલ્લાની આર્થીક ધરોહર એવી આ બેંક હંમેશાં ખેડૂતોની પડખે રહીને ખેડૂતના સાચા સાથી તરીકે તેના સુખ દુઃખમાં ભાગીદાર થઈ છે. જિલ્લાના ખેડૂતો અને સામાન્ય પ્રજાના આર્થીક ઉત્થાનમાં જેનું બહુમુલ્ય યોગદાન રહ્યું છે તેવી આ બેંકે ખેડૂતોને તેમની જરૂરીયાતો સંતોષવામાં કદીયે પાછી પાની કરી નથી. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની આગવી કોઠાસુઝ, દીર્ઘદૃષ્ટી અને વ્યુહાત્મક આયોજનના કારણે બાર-તેર ટકાના વ્યાજે પાકધિરાણ લેતા ખેડૂતો આજે માત્ર ૪ ટકાના દરે પાકધિરાણ મેળવે છે. થાપણદારોના વિશ્વાસની વાત કરીયે તો સાત વર્ષ પહેલાંની ૩૫૦ કરોડની થાપણો આજે ૮૭૨ કરોડ પહોચી છે. બેંકના પોતાના ફંડ ૬૦ કરોડમાંથી ૧૧૧ કરોડે અને કાર્યકારી ભંડોળ ૬૨૮ કરોડથી ૧૪૪૭ કરોડે પહોંચ્યું છે. બેંકનો સાત વર્ષ પહેલાંનો ૮ કરોડનો ગ્રોસ નફો આજે વધીને ૧૪.૨૯ કરોડે પહોંચ્યો છે. વિકાસની આ અવિરતયાત્રા આટલાથી અટકતી નથી પરંતુ ચાલ્યા જ કરે છે. રાજ્ય સરકારમાંથી નજીવા દરે સરકારી જમીન મેળવીને હાઈવે જેવા પોશ એરીયામાં છ કરોડના ખર્ચે બંધાઈ રહેલું બેંકની મુખ્ય કચેરીનું નવું મકાન પાલનપુર માટે એક આગવી છબી ઉપસાવી રહ્યું છે. અદ્યતન ટેકનોલોજીથી સજ્જ બેંકની તમામ શાખાઓ હવે કોર બેંકિંગ સોલ્યુશન (સીબીએસ)થી સજ્જ થઈને જિલ્લાના લોકોને ઓનલાઈન સેવા આપવા તત્પર છે. બેંકની વસુલાતની કામગીરી પણ પ્રસંશનીય રહીને બેંકે ૦ ટકા એનપીએ ધરાવતી રાજ્યની સર્વોત્તમ સહકારી બેંકોમાં પોતાનું સ્થાન જમાવે છે.

૨૦ સભ્યોના સંચાલક મંડળમાં ૧૬ ડિરેક્ટરો બિનહરીફ થતાં બાકીના ચાર સભ્યોમાં બેંકના એમ.ડી. જિલ્લા રજીસ્ટ્રાર, રાજ્ય સહકારી બેંકના પ્રતિનિધિ અને સરકારશ્રીના પ્રતિનિધિનો સમાવેશ થશે. આમ બિનહરીફ થયેલા સભ્યોની નીચે મુજબ વરણી થવા પામી છે.

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી માના મંદિરને સુવર્ણજડીત બનાવવાના અભિયાનના પ્રથમ દિવસે જે. જી. હિંગરાજીયાએ ગોલ્ડ ડોનેશન વેબસાઈટ ખુલ્લી મૂકીને પ્રથમ દાતા તરીકે તેમણે રૂ. ૫૦૦૦ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે મંદિરના વહીવટદાર બ્રહ્મભટ્ટ, આર. ડી.સી. સુધીર પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભારત વિકાસ પરિષદ દ્વારા વિવિધ કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ભારત વિકાસ પરિષદ દ્વારા ગત તારીખ ૧૮મી ઓગષ્ટના રોજ 'આપણો સાંસ્કૃતિક વારસો' થીમ પર રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતા ટાઉનહોલ, ગાંધીનગરમાં આયોજીત કરી હતી. જેમાં કુલ-૧૯ ટીમોએ ભાગ લીધો, આવા સરસ રાષ્ટ્રભક્તિથી તરબતોળ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અંતે પ્રાકૃતિક વાતાવરણમાં (વન ચેતના કેન્દ્ર, સે. ૩૦) ખાતે પરિવારના સભ્યોની ભોજન વ્યવસ્થા રાખવામાં આવી હતી. ભારતીય વિકાસ પરિષદનો બીજો કાર્યક્રમ આગામી ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ તેજસ્વી બાળકોનું સન્માન અને પરિવાર ટેલેંટ રાખવામાં આવેલ હોવાથી વધુમાં વધુ પરિવારોહાજર રહે તેવી ખાસ નોંધ કરવામાં આવી છે.

૪૫ કિલો ગાંજા સાથે પિતા-પુત્રની ધરપકડ

ભૂજ, તા.૧

ભૂજ પાસેના મિઝાંપર ગામથી એસઓજીની ટીમે મૂળ બિહારના રહેવાસી એવા અમરદિપ યાદવ તેમજ મહેશ્વરપ્રસાદ યાદવ પાસેથી કુલ ૪૫ કિલો ગાંજા સાથે ધરપકડ કરી છે. આ ગાંજાની કિંમત ૨.૭૪ લાખ હોવાનું જણાય સુત્રના આધારે મળતી વિગત અનુસાર, ઝડપાયેલા પિતા-પુત્ર સમગ્ર કચ્છમાં ગાંજાના મુખ્ય સપ્લાયર હતા. તેઓ પોતાના પરિવારજનો સાથે ભાડેના મકાનથી છેલ્લા ત્રણ વર્ષથી કચ્છમાં રહેતા હતા.

હિંમતનગરમાં જુગાર રમતા ૧૦ નબીરા ઝડપાયા

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના ન્યુ દુર્ગાબજાર કોમ્પલેક્ષની એક દુકાનમાં જન્માષ્ટમીએ ગંજીપત્તા દ્વારા જુગાર રમાતા હોવાની બાતમી આધારે ટાઉન પોલીસે સાંજના સુમારે છાપો માર્યો હતો. જેમાં પોલીસે ભોંયતળિયે આવેલી દુકાનમાંથી રૂ. ૪૫,૬૧૦ની રોકડ રકમ સાથે દસ જણાને ઝડપી લઈ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે જુગારવાળા સ્થળેથી વાહનો, મોબાઈલ સહિત રૂ. ૫.૮૦ લાખ્ની વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

હિંમતનગરના ટાઉન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર જન્માષ્ટમીના દિવસે શહેરના ન્યુ દુર્ગાબજાર કોમ્પલેક્ષની ભોંયતળિયે આવેલી દુકાન નં. ૬સી/જીમાં કેટલાક શખ્સો ગંજીપાના દ્વારા હાર-જીતનો જુગાર રમી રહ્યાની બાતમી મળી હતી. જેથઈ પોલીસે કુમક સાથે બુધવારે સાંજે ન્યુ દુર્ગાબજાર કોમ્પલેક્ષ પર જઈ છાપો માર્યો હતો. પોલીસના છાપા દરમિયાન કોમ્પલેક્ષમાં દોડધામ મચી જવા પામી હતી.

પોલીસે ભોંયતળીયે આવેલી દુકાનમાં ગંજીપાનાનો હાર-જીતનો જુગાર રમી રહેલા દસેક શખ્સોને રૂ. ૪૫,૬૧૦ રોકડ રકમ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. અને બનાવ સ્થળેથી રૂ. ૩૫ હજારની કિંમતના ૧૨ મોબાઈલ તેમજ ચાર ફોર વ્હીલર વાહનો અને ચાર દ્વિચક્રી વાહનો મળી કુલ રૂ. ૫.૮૦,૬૧૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે સહકારી જીન રોડ વિસ્તારના નિકુંજ બંગ્લોઝમાં રહેતો જયપાલસિંહ ગીરવતસિંહ રાઠોડ પોતાની આ દુકાનમાં અંગત લાભ ખાતર જુગાર રમાડી રહ્યો હતો. જેથી દસેય જણાને ઝડપી લઈ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૪-૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પેટ્રોલમાં રૂ. ૨.૩૫ અને ડિઝલમાં ૬૭ પૈસાનો વધારો

જિલ્લાના વાહનચાલકો પર કરોડોનો બોજ પડશે

ડોલર સામે ભારતીય નાણુ ઘસાતા પેટ્રોલીયમ પેદાશોના ભાવ વધ્યા

હિંમતનગર, તા.૧

છેલ્લા કેટલાક સમયથી ડોલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા શનિવારે મધરાતથી પેટ્રોલમાં રૂપિયા ૨.૩૫ અને ડિઝલમાં પ્રતિ લીટરે ૬૭ પૈસાનો વધારો કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. જેના કારણે સાબરકાંઠા જિલ્લાના વાહનચાલકો પર અંદાજે રૂપિયા ૧૦ કરોડનો બોજ પડશે.

કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા એક મહિનામાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ચોથી વખત ભાવ વધારો કરાયો છે. દરમિયાન શનિવારે મધરાતથી પેટ્રોલ અને ડિઝલના નવા ભાવ અમલી બનશે. જે મુજબ પેટ્રોલનો અગાઉનો ભાવ રૂપિયા ૭૪.૮૫ હતો તે વધીને નવો ભાવ રૂપિયા ૭૭.૨૦ ને ડિઝલનો ભાવ ૫૭.૪૬ હતો તે નવો ૫૮.૧૩ ભાવ રહેશે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં પ્રતિદિન પેટ્રોલનું વેચાણ એક લાખ લીટર અને ડિઝલનું આઠ લાખ લીટર છે. જેના કારણે જિલ્લામાં આવેલા ૪૬થી વધુ પંપો પર ઈંધણ વાહનમાં ભરાવનારાઓને રૂપિયા દસ કરોડથી વધુ ચુકવવા પડશે. પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં સતત થઈ રહેલા ભાવ વધારાને કારણે સામાન્ય પ્રજાની હાલત ખુબ જ કફોડી બની રહી છે.

બેરણામાં આશ્રમ શાળા સંચાલક મંડળની બેઠક મળી

હિંમતનગર, તા. ૧

હિંમતનગર નજીક આવેલ બેરણાના કંટાળેશ્વર મહાદેવના મંદિરમાં આજ રોજ સાબરકાંઠા જિલ્લા છાત્રાલય આશ્રમ શાળા સંચાલક મંડળની મીટીંગ મળી હતી. જેમાં રાજ્ય સંચાલક મંડળના પ્રમુખ ભદ્રેશભાઈ મકવાણા અને મહામંત્રી જીતુભાઈ અમીન સમક્ષ વણઉકલ્યા પ્રશ્નો અંગે જિલ્લાના સંચાલકોએ રજુઆત કરી હતી. આ પ્રસંગે જિલ્લા છાત્રાલય સંચાલક મંડળના પ્રમુખ કરશનભાઈ મકવાણા, મુકેશભાઈ સુતરીયા, મૂળજીભાઈ મકવાણા સહિતના અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા.

વડાલીના મદારી વસાહત નજીક ચેકડેમમાં કિશોરીનું ડુબી જતા મોત

હિંમતનગર, તા. ૧

વડાલી શહેરના મદારી વિસ્તાર નજીક આવેલા ચેકડેમમાં શનિવારે પગ લપસતા કિશોરીનું પાણી પી જતાં કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે વડાલીના પશ્ચિમ વિસ્તારમાં આવેલ મદારી વસાહતમાં સુરમનાથ રુખડનાથ મદારીની દીકરી રાજલ (ઉ.વ.૧૫ આશરે) શનિવારે સાંજે ચાલીને જતી હતી. દરમિયાન માર્ગ પર આવેલા ચેકડેમ નજીકથી બાળકી પસાર થતી હતી ત્યારે અચાનક તેણીનો પગ લપસી જતા તે ચેકડેમમાં પડી ગઈ હતી. જેથી પાણી પી જતાં તેણીનું કરૂણ મોત નિપજ્યું હતું. બાળકી ચેકડેમમાં ડૂબી હોવાના સમાચાર વસાહતમાં મળતા વસાહતના લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા અને તરવૈયાઓ દ્વારા તેનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યો હતો. આ ઘટનાને લઈ વડાલી નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન સગર, અજીતસિંહ રાઠોડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બાદ પોલીસને જાણ કરાતા ઘટનાસ્થળે પોલીસ આવી હતી અને બનાવ અંગે ગુનો નોંધ્યો હતો.

વડાલી નગરપાલિકામાં કામ કરતા બે કામદારોને વીજ કરંટ લાગતા પટકાયા

હિંમતનગર, તા. ૧

વડાલી નગરપાલિકાના બીજા માળે કડીયા કામ કરતા બે કામદારોને શનિવારે વીજ કરંટ લાગતા તેઓ જમીન પર પટકાયા હતા. જેથી ગંભીર ઈજા થતાં સારવાર અર્થે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે કોઈ જાનહાનિ ન થતાં પાલિકા સત્તાધીશો તથા કર્મચારીઓએ ભગવાનનો પાર માન્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે વડાલી નગરપાલિકામાં છેલ્લા કેટલાય દિવસોથી સમારકામ કરાઈ રહ્યું છે. જે અંતર્ગત અર્જુનસિંહ ચંદ્રશેખર રાજપૂત તથા શેરસિંહ ચંદ્રશેખર રાજપૂત નામના બે ભાઈઓ કામ કરી રહ્યા હતા. દરમિયાન શનિવારે બપોરે પાલિકાના બીજા માળે સ્ટીલના એલીવેશનનું કામ કરી હ્યા હતા ત્યારે કરંટ લાગતા તેઓ બંને બીજા માળેથી પટકાયા હતા. જેથી ઈજા થતાં સારવાર અર્થે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબ રાજુભાઈ પટેલ દ્વારા સારવાર આપી વધુ સારવાર અર્થે ઈડર મોકલ્યા હતા. ઘટનાની જાણ થતા પાલિકાના સત્તાધીશો તેમજ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને અકસ્માત ધોરીમાર્ગ પર સર્જાવા છતાં કોઈ જાનહાનિ ન થતાં તેઓએ ભગવાનો પાર માન્યો હતો.

શબ્દાવલી - ૫૧૬૪



આડી ચાવી

૧. ગોસમોટાળો, ગોટાળા (૪)
૪. ગાહુ (૩)
૬. સ્હેજ ગરમ હોય તેવું પાણી (૪)
૮. જમીનમાંથી ખોદી કાઢેલું (૩)
૯. ત્વરાથી, ઝડપથી (૨)
૧૧. આયનો, શીશો (૨)
૧૨. ... અને પુણ્યના ભેદ રે પરખાતા રાગ અને દ્વેષ... (૨)
૧૩. રાવણ... હતો તે ગમે તે રૂપ લેવાની માયા જાણતો હતો (૩)
૧૪. ભ્હાર જઈએ ત્યારે દરવાજે... મરાય (૨)
૧૬. બહુ લપ કરનારૂં (૩)
૧૮. ક્ષીણ, નબળું (૨)
૧૯. ફળ સ્વરૂપ, ... રૂપે (૪)
૨૦. ભારતનું ચલણી નાણું, રૂા. (૩)

ઊભી ચાવી

૧. ગીલોલ જેવું સાધન (૩)
૨. મનુષ્ય (૩)
૩. પ્રેમ, પ્યાર (અંગ્રેજીમાં) (૨)
૪. દુર્યોધનનો કપટી મામો (૩)
૫. ફટાફટ, એક પછી એક તરત (૪)
૭. ઘણા કામ ના કરે પણ મોટા-મોટા સપના જુએ... ની જેમ (૪)
૯. બાથેંબાથી (૪)
૧૦. દયાળું, કૃપાળું (૩)
૧૩. જનની, જનેતા (૨)
૧૫. કશીશ, પીડ, ચુભન (૩)
૧૬. બકરીનું બચ્ચું (૩)
૧૭. કૃત્રિમ ખાતર (૩)
૧૮. દયા (૨)

શબ્દાવલી ૫૧૬૩ના જવાબ

આડી ચાવી :- (૧) કિચક (૩) બારમાસી (૫) ડફેર (૭) ડચકારો (૯) કપાસી (૧૧) ણબા (૧૨) કરચલો (૧૪) લુઆ (૧૭) તપ (૧૯) વારાફરતી (૨૧) રોગચાળો (૨૨) ડોસલો

ઊભી ચાવી :- (૧) કિચડ (૨) કડકાબાલુસ (૩) બાર (૪) સીલસીલો (૬) ફેરો (૮) ચણ (૯) કર (૧૦) પાચન (૧૩) ચબુતરો (૧૫) રાફડો (૧૬) ખંતીલો (૧૮) પગ (૧૯) વાળો (૨૦) રસ

પર્યુષણ પર્વ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મૈત્રીભાવના અંતરના વેર-ઝેરને દૂર કરે છે. કોઈપણ જીવ પ્રત્યે રહેલો રાગ છે કે રોષનો વિચાર સાધનાના ક્ષેત્રમાં સ્પીડ-બ્રેકરનું કાર્ય કરે છે. ગુણવૃદ્ધિની ગતિની અવરોધે છે. મુક્તિ-મંઝિલના પથ પર લાલ બત્તી ધરે છે. અંતરના દોષોમાંથી મુક્ત થવા માટે પોતાના જ રાગ-દ્વેષને દુર કરવા. આત્માની સાથે જ ક્ષમાભાવને ધરવો જોઈએ. પોતાની સાથે પણ ક્ષમાયાચના કરવી જોઈએ કે મારા કેળવાયેલા દોષોથી જ મારો આત્મા દુઃખી છે. પ્રભુના એ આદેશો ભુલવા ન જોઈએ. ખમવું-ખમાવવું એ મારો ધર્મ છે. સામા જીવના દેખીતા અપરાધો માટે ઉપશમ ભાવ ધરીને તે જીવો પ્રત્યે પણ મૈત્રીનો મંગળભાવ કેળવી પોતાની ગુણ-સમૃદ્ધિને પુષ્ટ કરાય છે. ક્ષમાનો ભાવ જ્યાં છે ત્યાં આરાધક ભાવ છે. અન્યથા વિરાધકભાવમાં તો ધર્મ સાધી શકાતો નથી.

અંતરની આવી મલીનતાને ઉલેચવા તપ પરમ ઔષધ છે. પર્વના આઠ દિવસમાં વાર્ષિક શુદ્ધિ માટે ત્રણ ઉપવાસનું તપ આવશ્યક છે. તપથી અશુભ વિચાર કર્મનો કાદવ દૂર થાય છે. દેહ પણ પવિત્ર બને છે તેથી વિચારોની નિર્મળતામાં સમભાવ પ્રગટતાં ચિત્ત પ્રભાવિત થાય છે. આશક્તિને હટાવવા તપથી આત્માને તપાવવો જોઈએ. તપવાનો પણ પ્રભાવ હોય છે. તપવાથી સુવર્ણ શુદ્ધ બને છે. ફળમાં મીઠાશ આવે છે. રોટલી પણ તપવાથી જ મીઠી બને છે.

આવી પવિત્રતાને વરવા માટે જેઓનો મહાન ઉપકાર આપણા જીવન ઉપર થયેલો છે. એવો રાગ-દ્વેષ રહિત વીતરાગતોને વરેલા જિનેશ્વર દેવોના જિનાલયે સામૂહિક દર્શન-પૂજન કરવા જેવું જોઈએ. સંસારમાં સત્ય અને સન્માર્ગની ગંગોત્રી પરમાત્મા જ છે. કર્મની મલીનતાને ધોઈ વિશુદ્ધ બનેલા પ્રભુને જોવાથી અને એ પ્રભુની ઉપાસનાનાં ઉપકરણો ભક્તિભાવથી અર્પણ કરતા સન્માર્ગની પ્રાપ્તિ થાય છે. અને મળેલા એ શુભ માર્ગના પ્રભાવે આપણું જીવન પણ શુદ્ધતાને વરવા ભાગ્યશાળી બને છે. આવો ! આપણે સૌ આવા પર્વાધિરાજ પર્યુષણના મહાપર્વને સાધી લઈએ. મળેલી આ મોંઘી તકને વધાવી લઈએ.

પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃતવાણી

તંત્ર સજ્જ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલાં લેવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ પણ તમામ તાલુકા વિકાસ અધિકારીઓને અર્ધસરકારી પત્ર લખી તાકીદ કરી છે. એટલું જ નહિ ૨૫ ટકાથી ઓછી કામગીરી કરનારા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી જાણ કરવા સૂચના આપતાં તંત્રમાં હલચલ મચી જવા પામી છે.

જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ પણ સખ્ત નારાજગી વ્યકત કરી હતી. હવે સરકારી લેણાંની વસુલી અંગે સજ્જ થયેલા તંત્રએ લેણાંની વસુલી માટે લક્ષ્યાંકો નિર્ધારિત કર્યા છે. અને તેથી વધુ વસુલી થાય તે માટેનું આખું આયોજન આખરી કરી દીધું છે.

જુદા જુદા વિભાગોની જે વસુલાત બાકી છે તેમાં પાણી પુરવઠા બોર્ડના ૪ કરોડ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ૧ કરોડ, જિલ્લા વિકાસ અધિકારીની કચેરીના ૧ કરોડ ૪ લાખ, કલેકટર કચેરીના ૧ કરોડ ૮૪ લાખ જેટલી રકમની વસુલાત બાકી છે. આ ઉપરાંત વેચાણવેરાની વસુલાત પણ મોટી બાકી છે જે આંકડો ૧૦૦ કરોડ જેટલો થવા જાય છે.

આમ હવે તંત્રએ આગામી દિવસોમાં લેણાં વસુલી અભિયાન હાથ ધરવા માટેનું આયોજન આખરી કરી લીધું છે. વેચાણવેરામાં રૂ. ૧ કરોડથી વધુની બાકી ધરાવતા ઈસમો અને પેઢીઓની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. આ સામે સઘન કામગીરી કરવાનું પણ તંત્રએ મન બનાવી લીધું છે.

ગ્રાન્ટ રદ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રાન્ટ મેળવવા માટે શિક્ષકો અને આચાર્યએ વધારાના સમયનો ભોગ આપશે પડશે અને નબળા વિદ્યાર્થીઓને પણ તૈયાર કરી બોર્ડની પરીક્ષામાં પોતાની શાળાનું પરીણામ સુધારવા મહેનત કરવી પડશે. દરમિયાન જો કોઈ શાળાનું પરીણામ ૩૦ ટકા કરતા નીચું આવશે તો તે શાળાને મળતી ગ્રાન્ટ સંપૂર્ણ અટકાવી દેવામાં આવશે. જ્યારે ૩૦થી ૭૦ ટકા વચ્ચે પરીણામ લાવનારી શાળાઓને પરીણામને આધારે ગ્રાન્ટ મળશે.

આ અંગે આચાર્ય સંઘના પૂર્વ પ્રમુખ ભાસ્કરભાઈ શાહે જણાવ્યું હતું કે, બાળક જનતાની સાથેજ વિશેષ શક્તિઓ સાથે જન્મે છે તેને શિક્ષકો દ્વારા સ્પર્શ કરી તેની અદ્‌ભૂત શક્તિને ખિલવવાનું કામ સરળ નથી. તે માટે મહેનત કરવી પડે છે.

બાબત પરીક્ષામાં નાપાસ થાય અથવા નબળો પુરવાર થાય તો તેની સાથે સાથે શિક્ષક પણ નાપાસ થયો ગણાય. તેથી બાળકોના પરીણામને આધારે શાળાઓને ગ્રાન્ટ આપવાનો શિક્ષણ બોર્ડનો આ નિર્ણય આવકાર્ય છે. જેથી શિક્ષકોએ શાળાના સારા પરીણામ લાવવા માટે મહેનત કરવી પડશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ પૈકી ૪૦ ટકા જેટલી શાળાઓનું પરીણામ ૭૦ટકાથી નીચું આવે છે. જ્યારે રાજ્યમાં ૩૦૦ જેટલી શાળાઓનું પરીણામનો ૩૦ ટકા કરતા પણ નીચું આવે છે. ત્યારે આવી નબળી શાળાઓએ પોતાની શાળાના સંચાલન માટે મળતી ગ્રાન્ટને મેળવવા માટે હવે મહેનત કરવી પડશે.

આસારામ આશ્રમમાં સન્નાટો ફેલાયો : જોરદાર દેખાવો થયા

આસારામના આશ્રમમાં કોઈ ચહેલ પહેલ જોવા ન મળી, મણિનગર સહિત ઘણી જગ્યાએ આસારામ સામે દેખાવ

અમદાવાદ,તા,૧

સગીરા સાથે રેપના આક્ષેપોનો સામનો કરી રહેલા વિવાદાસ્પદ આસારામ બાપુની ગઈકાલે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવ્યા બાદ અને આજે તેમને એક દિવસના રીમાન્ડ પર લેવાનો રાજસ્થાનના જોધપુરમાં કોર્ટના આદેશ બાદ એકબાજુ આસારામ આશ્રમમાં સન્નાટો દેખાઈ રહ્યો ચે. બીજી બાજુ દિપેશ અને અભિષેકના પરિવારમાં રાહત દેખાઈ રહી હતી. સગીરા સાથે બળાત્કારના કેસના સંબંધમાં આસારામની ધરપકડ કરવામાં આવ્યા બાદ અમદાવાદના સાબરમતી ખાતે આવેલા માધવબાગ સોસાયટીમાં ખુશી જોવા મળી હતી. આસારામ આશ્રમના ગુરુકુળમાં ભણતા દિપેશ અને અભિષેકના મૃત્યુ પ્રકરણને લઈને વિવાદનો અંત હજુ આવ્યો નથી. આ મામલે આ બન્ને બાળકોના માતા-પિતા હજુ પણ નાખુશ દેખાઈ રહ્યા છે. પરંતુ આજે આસારામની ધરપકડના સમાચાર આવ્યા બાદ દિપેશ અભિષેકના રહેઠાણ પાસે એક પ્રકારની ઉજવણી કરવામાં આવી હતી. બીજીબાજુ આસારામના

પુતળા પણ સળગાવવામાં આવ્યા હતા. જુદા-જુદા વિસ્તારોમાં આને લઈને આજે દેખાવો પણ કરવામાં આવ્યા હતા. નિર્ણયનગર માધવબાગ સોસાયટીમાં લોકોએ રાહત અનુભવી હતી. બીજીબાજુ આજે આસારામના આશ્રમમાં સન્નાટો જોવા મળ્યો હતો. આસારામની ધરપકડ થયા બાદ સન્નાટો ફેલાઈ ગયો હતો. સામાન્ય રીતે આશ્રમમાં ચહેલપહેલ જોવા મળ છે પરંતુ આજે કોઈ ચહેલ પહેલ રહી નહતી.

મણિનગરમાં આસારામના વિરોધમાં લોકોએ દેખાવો કર્યો હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે મોડી રાતે ઈન્દોરમાં આસારામની ધરપકડ કરી લેવામાં આવી હતી અને ત્યાર બાદ આજે વહેલી સવારે આસારામને દિલ્હી લાવ્યા બાદ બપોરના ગાળામાં જોધપુર લવાયા હતા. જ્યાં તેમની ત્યાં ચાર કલાકની પૂછપરછ કરાયા પછી કોર્ટમાં રજુ કરાતા એક દિવસના રિમાન્ડ પર લેવાયા હતા.